# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ

રજી. અને કોર્પોરેટ ઓફિસ, નાના મવા મેઇન રોડ, લક્ષ્મીનગર, રાજકોટ – ૩૬૦ ૦૦૪

CIN: U40102GJ2003SGC042908;

ફોન નંબર : (૦૨૮૧) ૨૩૮૦૪૨૫, ૨૩૮૦૪૨૭; ફેક્સ : ૨૩૮૦૪૨૮;

ઈ-મેલ : forum.pgvcl@gebmail.com; વેબસાઈટ : www.pgvcl.com


પીજીવીસીએલ/સીજીઆરએફ/૧૭/ક્વા-03/૨૦૨૨-૨૩/ ૮૬૪૩-૮ તારીખ : ૩૦ - ૧૨ - ૨૦૨૨

**રજી. એડી. પત્ર**

પ્રતિ,

મકાતી રણછોડભાઈ વ્રજલાલ

બ્લોક નં ૪૦૪, પંજુરી પેલેસ - ૩ ગીતાંજલી કોલેજ વારી શેરી, ગેલેક્સી મંડપ સર્વીસની બાજુમાં, સાધુવાસવાણી રોડ, રાજકોટ -૩૬૦૦૦૫ (મો. ૮૪૦૧૭૭૪૭૯૫),

મું. પો. : રાજકોટ , તા. : રાજકોટ , જી. : રાજકોટ ,

પીન કોડ. : ૩૬૦૦૦૫

મોબાઈલ : ૬૩૫૧૮૦૪૦૧૩

વિષય : નામ ટ્રાન્સફર કરાવવી આપવા બાબત .

સંદર્ભ: આપશ્રીની રજુઆત તા. નીલ.

( અત્રેના ફોરમની નોંધણી નંબર : ૧૭/ક્વા-03/૨૦૨૨-૨૩ )

મહોદયશ્રી,

આપશ્રી દ્વારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે.

જે આપશ્રીને સુવિદિત થાય, આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ,

( સી. જે. ગજેરા )

કા.વા. કન્વીનર

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,

પ.ગુ.વી.કં.લી., રાજકોટ

બિડાણ : ઉપર મુજબ.

નકલ સાદર રવાના :

(૧) અધિક્ષક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, રાજકોટ ગ્રામ્ય.

(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વિભાગીય કચેરી, રાજકોટ ગ્રામ્ય.

સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ( ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિયમો-૨૦૧૧, જાહેરનામા નં.- ૦૨/૨૦૧૯ ની વિનિયમ નં.- ૨.૫૪ અનુસાર, સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

(૩) નાયબ ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, શાપર વેરાવળ રાજકોટ ગ્રામ્ય.

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,રાજકોટ

પી.જી.વી.સી.એલ. રજી. અને કોર્પોરેટ કચેરી, લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

e-mail:forum.pgvcl@gebmail.com

પી.જી.વી.સી.એલ./સીજીઆરએફ/૧૭/ક્વા-૩/૨૨-૨૩/ 8643-8 તા. 30-12-22

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં.૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં.૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, રાજકોટ સમક્ષ નોંધાયેલ ફરિયાદ.

**Case No.PG-૧૭/ક્વા-૩/૨૨-૨૩**

અરજદાર : મકાતી રણછોડભાઈ વ્રજલાલ, ગામ: રાજકોટ

રજૂઆત કરનાર : અરજદાર હાજર રહેલ નથી.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

## :: વિરુધ્ધ ::

સામાવાળા : કાર્યક્ષેત્ર : પી.જી.વી.સી.એલ. વિભાગીય કચેરી – રાજકોટ ગ્રામ્ય

રજૂઆત કરનાર : બી.સી.છત્રાલા, નાયબ ઈજનેર (ટેક) અને એન.એમ.નાણાવટી, નાયબ અધિક્ષક (રેવ), પી.જી.વી.સી.એલ., વિભાગીય કચેરી, રાજકોટ ગ્રામ્ય

## :: કોરમ ::

૧) ચેરપર્સન - શ્રી એન.સી. મકવાણા

૨) સભ્ય (ટેકનીકલ) - શ્રી એન. જી. કારિયા

૩) સભ્ય (સ્વતંત્ર) - શ્રીમતી નીતીનાબેન એચ. જોષી

સુનાવણી સ્થળ : કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, શહેર વર્તુળ કચેરી, રાજકોટ

તારીખ : ૧૩.૧૨.૨૦૨૨ (મંગળવાર)

૧.૦ સદર કેસની સુનાવણી તા.૧૩.૧૨.૨૦૨૨ (મંગળવાર) ના રોજ રાખવામાં આવેલ હતી, જેમાં ઉપર મુજબના પક્ષકારો હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદાર દ્વારા ગ્રાહક નં. ૮૧૯૦૭/૦૬૯૬૫/૮ થી ઉર્જા -૦૪ ઇન્ડસ્ટ્રીયલ એરિયા પ્લોટ નં -૭/૬૩૦ શેડ નં -૦૩ ગામ: વેરાવળ – રાજકોટ ખાતે ધરાવે છે. સદર વીજજોડાણમાં નામ ટ્રાન્સફર માટે **A-1** ફોર્મ ભરપાઈ કરીને શાપર-વેરાવળ કચેરી પેટાવિભાગીય કચેરી ખાતે અરજી આપેલ છે તેમ છતાં નામ ટ્રાન્સફરની કાર્યવાહી થયેલ ન હોવાથી અરજદારે અત્રેના ફોરમ સમક્ષ રજૂઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૩.૦ અરજદારની ફરિયાદ અન્વયે પીજીવીસીએલ પક્ષકાર દ્વારા જણાવાયેલ કે અરજદારશ્રી મકાતી રણછોડભાઈ વ્રજલાલભાઈ ગ્રાહક નંબર:-૮૧૯૦૭/૦૬૯૬૫/૮ થી જૂના ગ્રાહક મંથન વલ્લભદાસ કડછીના નામે એન.આર.જી.પી., ટેરીફ હેઠળ ૧૨ કી.વો. વીજભારનું વીજજોડાણ ધરાવે છે.

3.૧ ગ્રાહકના મૂળ A-1 ફોર્મ મુજબ સરનામા તરીકે શેડ નં-3 દર્શાવેલ હતો, અને નવા ગ્રાહક દ્વારા જે દસ્તાવેજ તથા નમુના નં-૨ રજુ કરેલ તેમાં શેડ નં-૧ આવતા સદર નામ બદલી અંગેની કાર્યવાહી તત્કાલ થઇ શકે તેમ ન હતી. ગ્રાહકશ્રીને આ બાબતે યોગ્ય આધાર પુરાવા રજુ કરવા જણાવેલ તથા યોગ્ય સમજણ આપેલ.

3.૨ ઉપરોક્ત બાબતે ગ્રાહકશ્રીએ જૂના ગ્રાહકનો સંપર્ક કરતા તેઓ દ્વારા હકીકત ચકાસી મૂળ A-1 ફોર્મના સરનામાં તરીકે લખાયેલ શેડ નં-3 માં ભૂલ થયા અંગે અત્રેની કચેરીને લેખિતમાં જણાવેલ.

3.3 સદર કેસની વધુ ખરાઈ કરતા શેડ નં-૧, ૨ અને 3 ની ગણતરી અરજી વખતે મૂળ અરજદારશ્રી મંથન વલ્લભદાસ કડછી દ્વારા ડાબી બાજુથી અને શેડના વેચાણ સમયે જમણી બાજુથી અલગ અલગ થવાથી ભૂલ થયાનું સ્વીકારેલ છે. સબંધક પેટાવિભાગીય કચેરીએ અરજદાર પાસે ઉપલબ્ધ દસ્તાવેજો ચકાસી નવા અરજદારશ્રી મકાતી રણછોડભાઈ વ્રજલાલને તેઓની સદર ફરિયાદ અંગે વિગતવાર સમજાવેલ, જે અન્વયે અરજદારે પીજીવીસીએલ સમક્ષ તા.૦૯.૧૨.૨૦૨૨ થી સમાધાન પુરસીસ રજુ કરેલ છે.

3.૪ તા.૧૨.૧૨.૨૦૨૨ થી અરજદારની નામ બદલી અંગેની અરજી જરૂરી સુધારા બાદ સ્વીકારી રજીસ્ટ્રેશન ચાર્જ અન્વયે પહોચ નં.૫૯૬૧૭ (તા.૧૨.૧૨.૨૦૨૨) થી રકમ ભરાયેલ છે અને અત્રેની કચેરીએથી નામ બદલી અંગેની આગળની કાર્યવાહી હાથ ધરેલ છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

## :: હુકમ::

૪.0 અરજદારે કરેલ લેખિત તથા સામાવાળાની લેખિત તેમજ મૌખિક રજૂઆત અને રજુ કરાયેલા દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ દ્વારા નીચે મુજબનો નિર્ણય કરાયેલ છે.

૪.૧ અરજદાર દ્વારા તેઓના એન.આર.જી.પી., ટેરીફ હેઠળના વીજજોડાણ ગ્રાહક નંબર:-૮૧૯૦૭/૦૬૯૬૫/૮ ૧૨ કી.વો. મા મંથન વલ્લભદાસ કડછીના નામ પરથી મકાતી રણછોડભાઈ વ્રજલાલભાઈના નામ પર નામ બદલી કરવા માટે સબંધક પેટાવિભાગીય કચેરીમાં અરજી કરાયેલ હતી.

૪.૨ અરજદારની ફરિયાદ અન્વયે પીજીવીસીએલ પક્ષકાર દ્વારા ઉપરોક્ત મુદ્દા નં 3.3 અને 3.૪ મુજબ અરજદાર ની ફરિયાદનું પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરાયેલ હોવાથી અરજદાર દ્વારા સમાધાન પત્ર તા.૦૯-૧૨-૨૦૨૨ માં સહી કરી આપેલ છે. આમ, સદર કેસમાં ફોરમ કક્ષાએથી હવે કંઈ કરવાનું રહેતું નથી.

૪.3 આ સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

| | | |
|---|---|---|
| (એન.એચ.જોષી) | (એન.જી.કારીયા) | (એન.સી.મકવાણા) |
| સભ્ય (સ્વતંત્ર) | સભ્ય (ટેકનીકલ) | ચેરપર્સન |

નોંધ: અરજદાર સદરહુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન-30 માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ રજૂઆત કરવા માટે ગુજરાતવિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૯ જાહેરનામા નં.૨.૨૦૧૯ની કલમ ૩.૧૯ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે અને કલમ ૩.૧૯ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. લોકપાલશ્રીની કચેરીનું સરનામું: જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ,કનકરોડ, ત્રિકોણ બાગ, રાજકોટ-૩૬૦૦૦૧